આસપાસ ચોપાસ

દેવા તળપદ દૂધ ઉત્પાદક સહકારી મંડળી પશુપાલકો માટે આર્થિક સમૃદ્ધિનો મુખ્ય સ્ત્રોત છે

ગ્રામીણ અર્થતંત્રમાં સહકારી પ્રવૃત્તિઓ હંમેશાંથી કરોડરજ્જુ સમાન રહી છે. આવું જ એક જીવંત અને પ્રેરણાદાયી ઉદાહરણ દેવા તળપદ ગામમાં જોવા મળે છે, જ્યાં આવેલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી સ્થાનિક પશુપાલકો માટે માત્ર એક સંસ્થા નથી, પરંતુ તેમના જીવનનિર્વાહ અને આર્થિક ઉત્થાનનો એકમાત્ર અને મુખ્ય સ્ત્રોત બની ગઈ છે. સ્થાનિક પશુપાલકો માટે આજીવિકાનો એકમાત્ર સહારો દેવા તળપદ ગામ ભૌગોલિક અને સામાજિક રીતે પશુપાલન વ્યવસાય સાથે ગાઢ રીતે જોડાયેલું છે. અહીંના મોટાભાગના પરિવારો ખેતીની સાથે અથવા તો મુખ્ય વ્યવસાય તરીકે પશુપાલન પર નિર્ભર છે. આવી પરિસ્થિતિમાં ગામની દૂધ ઉત્પાદક સહકારી મંડળી આ પશુપાલકોને તેમના દૂધના યોગ્ય અને પૂરતા ભાવો અપાવીને રોજગારીની સુરક્ષા પૂરી પાડે છે. રોજ સવારે અને સાંજે મંડળીમાં ભરાતું દૂધ પશુપાલકોના ઘરમાં નિયમિત આવકનો પ્રવાહ વહેતો રાખે છે, જેના કારણે પરિવારો આત્મનિર્ભર બન્યા છે. ગામમાં આર્થિક સમૃદ્ધિ અને સામાજિક સુરક્ષાનો ઉદય થયો છે. આ સહકારી સંસ્થાના સંચાલનને કારણે દેવા તળપદ ગામના આર્થિક ચિત્રમાં અભૂતપૂર્વ પરિવર્તન આવ્યું છે. પશુપાલન પ્રવૃત્તિ દ્વારા થતી નિયમિત આવકે ગ્રામજનોની ખરીદશક્તિ વધારી છે, જેણે આખા ગામમાં આર્થિક સમૃદ્ધિ લાવી દીધી છે. ગ્રામીણ જીવનમાં લગ્નપ્રસંગો, સીમંત, જનોઈ કે અન્ય સામાજિક અને ધાર્મિક પ્રસંગો પાછળ મોટો ખર્ચ થતો હોય છે. ભૂતકાળમાં આવા પ્રસંગો માટે ખેડૂતો કે પશુપાલકોએ શાહુકરો પાસે ઊંચા વ્યાજે નાણાં લેવા પડતા હતા. પરંતુ હવે, આ દૂધ મંડળી દ્વારા મળતી નિયમિત અને બોનસ રૂપી આવક સામાજિક પ્રસંગોને પાર પાડવા માટે ખુબ જ મહત્વની અને આશીર્વાદરૂપ બની રહે છે. ગ્રામજનો કોઈપણ આર્થિક બોજ વિના પોતાના સામાજિક દાયિત્વો નિભાવી શકે છે.સભાસદોના હાથમાં સુકાનઆ મંડળીની સફળતાનું સૌથી મોટું રહસ્ય તેનો પારદર્શક અને લોકશાહી વહીવટ છે. દૂધ ઉત્પાદક સભાસદો પોતાનામાંથી જ યોગ્ય અને કાર્યક્ષમ વહીવટકર્તાઓની પસંદગી કરવા માટે દર *પાંચ વર્ષ માટે વ્યવસ્થાપક સમિતિ (મેનેજિંગ કમિટી)ની રચના કરે છે. આ ચૂંટાયેલી સમિતિમાંથી જ સર્વાનુમતે કે લોકશાહી પદ્ધતિથી **ચેરમેન* અને *વાઇસ ચેરમેન*ની પસંદગી કરવામાં આવે છે. આ વ્યવસ્થાને કારણે સંસ્થામાં પક્ષપાત વગર પશુપાલકોના હિતમાં નિર્ણયો લેવાય છે, જે સંસ્થાની વિશ્વસનીયતા વધારે છે. પશુપાલન જેવી પરંપરાગત પ્રવૃત્તિને આધુનિક સહકારી માળખા સાથે જોડીને આ સંસ્થા દેવા તળપદના અસંખ્ય પરિવારો માટે સાચા અર્થમાં સહાયરૂપ બની છે. મંડળીની કલ્યાણકારી યોજનાઓ, પશુદાણની વ્યવસ્થા અને પશુચિકિત્સા જેવી સેવાઓનો દેવા તળપદ ગામના વતનીઓએ બહોળો લાભ લીધો છે. ટૂંકમાં, આ દૂધ ઉત્પાદક સહકારી મંડળી માત્ર દૂધના લે-વેચનું કેન્દ્ર નથી, પરંતુ દેવા તળપદ ગામના સર્વાંગી વિકાસ, આત્મનિર્ભરતા અને ગૌરવનું પ્રતીક બની ચૂકી છે.

શિક્ષણ અને આરોગ્યમાં દેવા ગામના વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને બમણો લાભ મળે છે

વિદ્યાર્થીઓ આણંદ અને ખેડા બંને જિલ્લાનીશૈક્ષણિકપ્રવૃત્તિઓ, સ્પર્ધાઓ તેમજ વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેવાની તક પ્રાપ્ત કરે છે.

આણંદ જિલ્લાના સોજીત્રા તાલુકાનું દેવા ગામ તેની ઐતિહાસિક ઓળખ સાથે શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે પણ વિશિષ્ટ સ્થાન ધરાવે છે. ગામની એક અનોખી વિશેષતા એ છે કે અહીંના વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને બે જિલ્લાની સેવાઓનો લાભ મળતો હોવાથી તેને "ડબલ નેટવર્ક" તરીકે પણ ઓળખી શકાય તેવી સ્થિતિ સર્જાઈ છે.

દેવા તળપદ અને દેવા વાંટા વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓ માટે શિક્ષણ વ્યવસ્થામાં વિશેષ પ્રકારની સુવિધા જોવા મળે છે. ગામની દિકરીઓ કન્યાશાળામાં અભ્યાસ કરે છે જ્યારે વિદ્યાર્થીઓ કુમાર શાળામાં શિક્ષણ મેળવે છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને માત્ર એક જિલ્લા પૂરતી મર્યાદા રહેતી નથી, પરંતુ તેઓ આણંદ અને ખેડા બંને જિલ્લાની શૈક્ષણિક પ્રવૃત્તિઓ, સ્પર્ધાઓ તેમજ વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેવાની તક પ્રાપ્ત કરે છે. જેના કારણે વિદ્યાર્થીઓને વધુ સ્પર્ધાત્મક વાતાવરણ મળે છે અને તેમની પ્રતિભાને વિસ્તૃત મંચ ઉપલબ્ધ થાય છે.

આરોગ્ય ક્ષેત્રે પણ દેવા ગામના લોકોને વિશેષ લાભ મળી રહ્યો છે. ગામના લોકોને સારવાર માટે આણંદ અને ખેડા જિલ્લાના આરોગ્ય કેન્દ્રો તેમજ જિલ્લા કક્ષાની તબીબી સેવાઓ સરળતાથી અને ઝડપથી ઉપલબ્ધ બને છે. તાત્કાલિક સારવારની જરૂરિયાત સમયે નજીકના આરોગ્ય કેન્દ્ર સુધી ઝડપથી પહોંચી શકાય છે, જેના કારણે ગંભીર પરિસ્થિતિઓમાં સમયસર સારવાર મળવી શક્ય બને છે. શિક્ષણ અને આરોગ્ય જેવી મૂળભૂત જરૂરિયાતોમાં બે જિલ્લાની સુવિધાઓનો લાભ મળવો ગામ માટે વિશેષ મહત્વ ધરાવે છે. દેવા ગામ આજે પોતાના ઐતિહાસિક વારસા સાથે વિકાસ અને સુવિધાઓની દિશામાં પણ આગવી ઓળખ ઉભી કરી રહ્યું છે.

દેવા તળપદનો ક્રોકોડાઈલ પાર્ક: કુદરતી સૌંદર્ય અને આકર્ષણનું કેન્દ્ર

આણંદ જિલ્લાના સોજીત્રા તાલુકાના દેવા તળપદ વિસ્તારમાં આવેલો ક્રોકોડાઈલ પાર્ક સ્થાનિક લોકો તેમજ બહારથી આવતા મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો છે. કુદરતની નજીક રહીને વન્યજીવનને નિહાળવાની તક આપતો આ વિસ્તાર લોકોમાં વિશેષ રસ જગાવે છે. ગ્રામ્ય પરિસ્થિતિ વચ્ચે વિકસાવવામાં આવેલું આ સ્થળ કુદરતી સૌંદર્ય સાથે લોકો માટે મનોરંજન અને જાગૃતિનું માધ્યમ પણ બની રહ્યું છે.

ક્રોકોડાઈલ પાર્કની વિશેષતા એ છે કે અહીં મગરો સહિત કુદરતી પર્યાવરણ સાથે સંકળાયેલા વિવિધ તત્વોનું સંવર્ધન કરવામાં આવે છે. ખાસ કરીને બાળકો અને વિદ્યાર્થીઓ માટે આ સ્થળ શૈક્ષણિક દ્રષ્ટિએ પણ મહત્વ ધરાવે છે, કારણ કે અહીં તેઓ વન્યજીવન, પર્યાવરણ અને પ્રાણી સંરક્ષણ અંગે પ્રાથમિક સમજ મેળવી શકે છે. ઘણી વખત શૈક્ષણિક પ્રવાસો અને સામાજિક જૂથો પણ અહીં મુલાકાતે પહોંચે છે.

આ વિસ્તાર આસપાસ હરિયાળી અને શાંત વાતાવરણ ધરાવતો હોવાથી પરિવાર સાથે સમય પસાર કરવા માટે પણ યોગ્ય સ્થળ તરીકે ઓળખ મેળવતો જઈ રહ્યો છે. કુદરતપ્રેમી લોકો માટે ફોટોગ્રાફી, નિરીક્ષણ અને પર્યાવરણ અંગે જાગૃતિ મેળવવાની પણ સારી તક અહીં ઉપલબ્ધ બને છે. દેવા તળપદના વિકાસમાં ક્રોકોડાઈલ પાર્ક એક મહત્વપૂર્ણ આકર્ષણ તરીકે ઉભરી રહ્યું છે. તે માત્ર પ્રવાસન ક્ષેત્રે નહીં પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં કુદરતી સંરક્ષણ અને પર્યાવરણ પ્રત્યે લોકોમાં જાગૃતિ લાવવા માટે પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.

ખેડૂતો પોતાની ઉપજને બે જુદા જુદા કૃષિ બજાર સમિતિ (APMC) સુધી પહોંચાડી શકે છે

આણંદ જિલ્લાના સોજીત્રા તાલુકાનું દેવા ગામ ખેડૂતો અને નાના વેપારીઓ માટે બજાર વ્યવસ્થાની દ્રષ્ટિએ વિશેષ લાભદાયક સ્થાન બની રહ્યું છે. ગામના લોકોને આણંદ અને ખેડા એમ બંને જિલ્લાના મોટા બજારો સુધી સરળ પહોંચ મળતી હોવાથી વેપાર અને કૃષિ ક્ષેત્રે નવી તકો ઉભી થઈ રહી છે.

ખાસ કરીને ખેડૂતોને પોતાના કૃષિ ઉત્પાદનો માટે વધુ વિકલ્પો ઉપલબ્ધ બન્યા છે. તેઓ પોતાની ઉપજને માત્ર એક જ બજાર પૂરતી મર્યાદિત રાખવાને બદલે બે જુદા જુદા કૃષિ બજાર સમિતિઓ (APMC) સુધી પહોંચાડી શકે છે. આ કારણે ખેડૂતોને પાકના ભાવોની તુલના કરવાની તક મળે છે અને જ્યાં વધુ સારા ભાવ મળી રહ્યા હોય ત્યાં ઉપજ વેચી શકે છે.

નાના વેપારીઓ માટે પણ આ સુવિધા લાભદાયક સાબિત થઈ રહી છે. વધુ બજારો સાથે જોડાણ થવાથી વેપારનો વ્યાપ વધ્યો છે અને આવકમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. બજારનું આ વિસ્તરણ દેવા ગામ માટે આર્થિક વિકાસનું એક મહત્વપૂર્ણ પગલું બની રહ્યું છે, જે ગ્રામ્ય અર્થતંત્રને વધુ મજબૂત બનાવી રહ્યું છે.

આધુનિક સુવિધાઓ સાથે વિકાસની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે દેવા ગામ

માનવ વસવાટ સંવત ૧૮૧૦ આસપાસ શરૂ થયો હતો. વર્ષો સુધી આ વિસ્તાર દેવા ગામ સાથે જોડાયેલો છે.

આણંદ જિલ્લાના સોજીત્રા તાલુકાનું દેવા ગામ તેના પ્રાચીન ઇતિહાસ અને લોક પરંપરાઓની સાથે સાથે આધુનિક સુવિધાઓના કારણે પણ આગવી ઓળખ ધરાવે છે. ગામમાં ઉપલબ્ધ વિવિધ જાહેર સુવિધાઓ અને સારો વહીવટી માળખો ગ્રામજનોના જીવનને વધુ સરળ અને સુવિધાસભર બનાવી રહ્યો છે.

ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાર્યરત હોવાથી ગ્રામજનોને આરોગ્ય સંબંધિત પ્રાથમિક સારવાર સરળતાથી મળી રહે છે. નાના રોગોથી લઈને તાત્કાલિક સારવાર સુધીની સુવિધા નજીકમાં ઉપલબ્ધ હોવાથી લોકોને અન્ય શહેરો તરફ દોડધામ ઓછી કરવી પડે છે. આરોગ્ય ક્ષેત્રે આ સુવિધા ગ્રામજનો માટે આશીર્વાદરૂપ બની છે.

તે ઉપરાંત ગામમાં બેંક અને પોસ્ટ ઓફિસ જેવી મહત્વપૂર્ણ સેવાઓ ઉપલબ્ધ હોવાથી નાણાકીય તેમજ સરકારી કામગીરી સરળતાથી થઈ શકે છે. બેંકિંગ સેવાઓ દ્વારા ગ્રામજનો વિવિધ યોજનાઓ, બચત અને નાણાકીય વ્યવહારોનો લાભ લઈ શકે છે. પોસ્ટ ઓફિસ પણ ગ્રામ્ય જીવનમાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે.

નાના બાળકોના સર્વાંગી વિકાસ માટે ગામમાં આંગણવાડી કેન્દ્ર પણ કાર્યરત છે, જ્યાં બાળ શિક્ષણ અને પોષણ સંબંધિત સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આથી બાળકોના પ્રાથમિક વિકાસને પ્રોત્સાહન મળી રહ્યું છે.

ગામની ગ્રામ પંચાયત દ્વારા વહીવટી કામગીરી અને માળખાકીય સુવિધાઓનું અસરકારક સંચાલન કરવામાં આવી રહ્યું છે. સ્વચ્છતા, માર્ગો, જાહેર સુવિધાઓ અને વિકાસલક્ષી યોજનાઓના અમલીકરણમાં સારો વહીવટ જોવા મળે છે. દેવા ગામની સૌથી મોટી વિશેષતા એ છે કે અહીં ગ્રામજનો પરસ્પર પ્રેમ, સહકાર અને એકતાની ભાવના સાથે હળીમળીને રહે છે. ગામની આ સામાજિક એકતા અને ઉપલબ્ધ સુવિધાઓ દેવા ગામને વિકાસ અને સંસ્કૃતિનું સુંદર ઉદાહરણ બનાવે છે.

(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)

વય નિવૃત્ત આચાર્યએ માતૃશ્રીની સ્મૃતિમાં ટ્રસ્ટ બનાવી સેવાકિય પ્રવૃત્તિને જીવંત રાખી

દેવા કુમારશાળાના પૂર્વ આચાર્ય શકરાભાઈ પ્રભાતસિંહ મહિડા શાળા પ્રત્યેના મમત્વને કારણે માદરે વતનની શાળા પ્રત્યે નિવૃત્તિ બાદ પણ કાર્યરત રહ્યા છે. તેમણે વતનની શાળામાં જ પ્રાથમિક માધ્યમિક શિક્ષણ મેળવ્યું હતું અને વ્યાવસાયિક કારકીર્દી પણ જે શાળામાં ભણ્યા એ જ શાળામાં વય નિવૃત્તિ સુધી નિભાવી માતૃશ્રી પ્રવિણકુંવરબા શકુભા મહિડા નામનું નાનું ટ્રસ્ટ બનાવી રકમ ફિક્સ કરી તેના વ્યાજમાં પોતાની સેવાકિય પ્રવૃત્તિને જીવંત રાખીને શૈક્ષણિકકાર્યમાં સતત જોડાયેલા રહી શાળાની પ્રગતિ સતત ઝળહળથી રાખી છે. તેમના દીર્ઘ સેવાકાળ દરમિયાન શાળા, સમાજ અને આધ્યાત્મિક ક્ષેત્રે કરેલ પ્રગતિ સદા સૌમ્ય રહી છે.

વર્ષ 2014/15માં રાજયના શ્રેષ્ઠ શિક્ષક તરીકે રાજ્ય પારિતોષિક તરીકે પસંદગી પામતાં તત્કાલિન રાજયપાલ, મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી સહિતે રાજ્યનો શ્રેષ્ઠ પુરસ્કાર આપીને વિભૂષિત કર્યા હતા. ત્યારે પુત્રવધુ નિલમબાએ શિક્ષકદિન સમારોહનું લાઈવ પ્રસારણ ટી.વીમાં નિહાળ્યું હતું. સન્માન લઈને ઘરે પરત આવતાં ત્યારે બાપુજી શકુભાને જણાવ્યું કે બાપુજી તમારી શાળામાં શિક્ષકો છે તો તમે એમનું સન્માન કરો તો કેવું સારું? પુત્રવધુનું આવું કથન સાંભળી શકુભાએ વચન આપી નેમ લીધી હતી કે હવેથી હું દરવર્ષે શાળામાં આ દિવસે બધા શિક્ષકો અને શાળામાં અભ્યાસ કરતાં ધો 1 થી 12 ના તમામ તેજસ્વી તારાલાઓનું સન્માન કરીશ ત્યારથી આવું અનોખું આયોજન આરંભાયું જે પછીના વર્ષમાં શકુભા વય નિવૃત્તિને કારણે નિવૃત્ત થતાં આ પરંપરાને જાળવી રાખવા શાળામાં તેમણે દોઢ લાખ જેટલી રકમ ફિક્સ ડિપોઝિટ કરી જેથી તેના વ્યાજમાંથી પણ આવો કાર્યક્રમ કરી શકાય આવો ઉમદા હેતું સેવ્યો હતો. પુત્રવધુએ આપેલ પ્રેરણાને અનુસરીને તેમના દ્વારા પ્રતિવર્ષ શિક્ષકદિન ઉજવણી સમારોહનું આયોજન કરવામાં આવે છે જેમાં શાળાના ધો. 1 થી8 ના વિધાર્થીઓ ઉપરાંત ગામની માધ્યમિક શાળાના ધો 9 થી 12 ના તેજસ્વી છાત્રો, શિક્ષકો અને પે-સેન્ટરની તમામ શાળાના આચાર્યોનું સ્મૃતિભેટ, પ્રમાણપત્ર સન્માન કરવામાં આવે છે.